# હવે, ડ્રાઈવિંગ લાઈસન્સ-આરસી બુક એક સમાન હશે

## ઓક્ટોબર માસથી દેશમાં એકસમાન બુક રહેશે : કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલય તરફથી જાહેરનામું જારી

ગાંધીનગર, તા.૧૧

આગામી તા.૧ લી ઓક્ટોબરથી રાજ્યભરમાં હવે વાહન રજિસ્ટ્રેશન બુક અને લાઈસન્સ એકસરખાં રહેશે એટલું જ નહીં, પરંતુ કાર્ડ કે આધારકાર્ડની જેમ દેશભરમાં આરસી બુક અને લાઈસન્સ એકસરખાં રહેશે. કેન્દ્રીય માર્ગ પરિવહન વિભાગ દ્વારા આ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે. ગુજરાત સરકારને પણ આ બાબતના અમલ અંગેની સૂચના આપી દેવામાં આવી છે. દેશભરમાં ડ્રાઈવિંગ લાઈસન્સ અને રજિસ્ટ્રેશન બુકમાં એકરૂપતા લાવવા માટે આ કવાયત હાથ ધરવામાં આવી છે. હાલમાં દરેક રાજ્યમાં ડ્રાઈવિંગ લાઈસન્સ અને રજિસ્ટ્રેશન બુક જુદા જુદા આકાર-રંગ અને ડિઝાઈન ધરાવે છે. નવી વ્યવસ્થા કેન્દ્ર સરકારના આદેશ મુજબ પહેલી ઓક્ટોબરથી લાગુ કરવામાં આવશે. નવી વ્યવસ્થા પ્રમાણે દરેક રાજ્યમાં એક જ સરખાં ડ્રાઈવિંગ લાઈસન્સ અને રજિસ્ટ્રેશન બુક બનશે. તેથી આગામી સમયમાં નવાં વાહનોનાં ડ્રાઈવિંગ લાઈસન્સ અને રજિસ્ટ્રેશન બુક નવા રંગ અને આકાર-ડિઝાઈનનાં જોવાં મળશે. નવી આરસી બુકમાં વાહનની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈની વિગતો દર્શાવેલી હશે. માલિકનું નામ-સરનામું, નંબર અને ચેસીસ નંબર દર્શાવેલા હશે. પાછળની બાજુમાં ઈમર્જન્સી મોબાઈલ નંબર પણ દર્શાવેલો હશે. જ્યારે લાઈસન્સમાં આગળની બાજુ ફોટાની જગ્યા, બાજુમાં નામ-સરનામું, જન્મ તારીખ અને બ્લડ ગ્રૂપ લખેલું હશે, ઓર્ગન ડોનર છે કે કેમ તે દર્શાવેલું હશે કાર્ડની પાછળ ક્યૂઆર કોડ દર્શાવશે, જે સ્કેન કરતાં જ લાઈસન્સધારકની તમામ માહિતી મળી જશે, પહેલી વખત લાઈસન્સ ક્યારે ઈશ્યૂ થયું તેની વિગતો પણ હશે. લાઈસન્સની સમયમર્યાદા અને અન્ય વિગતો લખેલી હશે તેમજ ઈમર્જન્સી મોબાઈલ નંબર લખેલો હશે.



પૂજન - દર્શન : ચૈત્રી નવરાત્રિના પાવન દિવસોમાં ઉનાવા ખાતે ભક્તિભાવથી પૂજા પાઠ થાય છે. ગાંધીનગર લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી. જે. ચાવડા આજે ઉનાવા ખાતે દર્શને પહોંચ્યા હતા. જ્યાં શકરાબાપા અને ભાવિકોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.



### લવારપુરના બુટલેગરને પાસા હેઠળ ભુજ મોકલી અપાયો

ગાંધીનગર તાલુકાના લવારપુર ગામના બુટલેગરને પાસા હેઠળ ભુજની જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. લોકસભાની ચુંટણીને અનુલક્ષી ગાંધીનગર જિલ્લા એસપી મયુર ચાવડાની સુચનાથી ડભોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.આર.રાઠોડ દ્વારા પોતાના વિસ્તારમાં અસામાજીક પ્રવૃતિ અટકાવવા સક્રિય છે. ત્યારે ડભોડા પોલીસે લવારપુર ગામે આવેલા ઈન્દીરાનગરમાં રહેતા બુટલેગર મનોજ ભીમાજી ઠાકોર સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી અને જિલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટને મોકલી આપી હતી. જે મંજુર થતા ડભોડા પોલીસ દ્વારા આરોપી મનોજ ઠાકોરને પાસા હેઠળ અટકાયત કરી ભુજની જેલ ખાતે મોકલી આપ્યો છે.

### નિ:શુલ્ક નવી ભોજન પ્રથા એક દિવસીય શિબિર યોજાશે

કબજીયાતથી કેન્સર સુધી વગર દવા, વગર પૈસે, વગર કસરતે રોગ ભગાવો અભિયાન અંતર્ગત નવી ભોજન પ્રથાની વાનગીઓ જમવા સાથે અને જ્ઞાન-માર્ગદર્શન સાથેની શિબિર ૨૧મી એપ્રિલ ૨૦૧૯ને રવિવારે સવારે ૮ થી સાંજે ૫ કલાક દરમિયાન અન્નપૂર્ણા શકિતપીઠ, મુ.પો.મોદીપુર (અંબાસણ) તા. જોટાણા, જિ.મહેસાણા ખાતે યોજાશે. જેના વકતા રાજેશભાઈ પટેલ રહેશે. શિબિરમાં ભાગ લેવા માટે નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૧૫મી એપ્રિલ ૨૦૧૯ છે. જે માટે પ્રમુખ હરેશભાઈ જાની મો. ૯૮૭૯૦ ૧૦૦૯૧નો સંપર્ક કરવા જણાવાયું છે.

# અમદાવાદ જિલ્લાના શતાયુ મતદારનું ખાસ સન્માન થયુ

અમદાવાદ,તા. ૧૧

ગુજરાત લોકસભા ચૂંટણીને લઈ અમદાવાદ સહિત રાજયભરમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે અમદાવાદ જિલ્લામાં આજે ઈતિહાસમાં સૌપ્રથમવાર ૧૦૦ વર્ષની ઉમંર ધરાવતા, ૧૦૦ વર્ષથી વધુ વયના અને ૧૦૦ વર્ષની નજીકની વયના શતાયુ મતદારોનું અનોખુ સન્માન કરવામાં આવ્યું હતું. ખુદ અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર ડો.વિક્રાંત પાંડે સહિતના ચૂંટણી અધિકારીઓ, ચૂંટણી નીરીક્ષકો દ્વારા ૨૦૦થી વધુ શતાયુ મતદારોને શાલ ઓઢાડી, પ્રમાણપત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર ડો.વિક્રાંત પાંડેએ જણાવ્યું હતું કે, આજના સમયમાં શતાયુ આમ તો કલ્પના છે પરંતુ આજે પણ સ્વસ્થ, જુસ્સા અને ઉત્સાહ સાથે રાષ્ટ્રના વિકાસ અને લોકશાહીને મજબૂત કરવામાં આપણા શતાયુ મતદારોનું બહુમૂલ્ય યોગદાન છે. વાસ્તવમાં આપણી લોકશાહીને વધુ દ્રઢ અને મજબૂત કરવામાં આપણા આ શતાયુ મતદારો પ્રેરક બળ છે. ખાસ કરીને યુવા મતદારો સહિતના અન્ય મતદારો માટે આપણા આ શતાયુ મતદારો સાચા અર્થમાં પ્રેરણારૂપ છે. જિલ્લા ચૂંટણી અધિકારી ડો.વિક્રાંત પાંડેએ વધુમાં જણાવ્યું કે, શતાયુ મતદારો લોકશાહી વ્યવસ્થાના રક્ષક છે અને યુવા પેઢીને પ્રેરણા પૂરી પાડે છે. અમદાવાદ જિલ્લામાં કુલ ૭૧૯ શતાયુ મતદારો છે જે અમદાવાદ જિલ્લાનું ગૌરવ છે. આપણા દેશની સરહદ ઉપર સેના રક્ષા કરે છે તેમ શતાયુ મતદારો લોકશાહીની રક્ષાનું અનોખુ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. લોકશાહીના જતન માટે દરેક મતદારોને અવશ્ય મતદાન કરવા જિલ્લા કલેકટરે ખાસ અપીલ કરી હતી. દરમ્યાન અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી એ.મહેશ બાબુએ ઉપસ્થિત સૌ કોઈનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેઓએ આ કાર્યક્રમને એક અનોખી પહેલ ગણાવી હતી.

શતાયુ મતદારોને સંબોધતા તેઓએ જણાવ્યું કે, લોકતંત્રને મજબૂત કરવામાં આયુષ્યની સદી વટાવી ચૂકેલા આ મતદાતાઓનો ખુબ જ મોટો ફાળો છે, તેઓના આશિર્વાદથી જ દેશ આગળ વધી રહ્યો છે. શતાયુ મતદારોના સન્માન સમારંભને સફળ બનાવવામાં ગુજરાત રાજય માહિતી ખાતાના સહાયક માહિતી નિયામક હિમાંશુ ઉપાધ્યાય અને નાયબ માહિતી નિયામક પલ્લવભાઈ પટેલ સહિતના અધિકારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ૭,૫૦૦ મતદારોનો એક સાથે ઓનલાઈન રજિસ્ટ્રેશનનો રેકોર્ડ

ગાંધીનગર,તા. ૧૧

બ્રિટન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ સંસ્થા દ્વારા અમદાવાદ જિલ્લા કલેકટર તથા ચૂંટણી અધિકારી ડો. વિક્રાંત પાંડે, ગુજરાત યુનિવર્સિટી કુલપતિ હિમાંશુ પંડ્યા તથા રેડિયો સીટી આર. જે. હર્ષિલને ૭૫૦૦ ફર્સ્ટ ટાઈમ વોટરની ઓનલાઈન નોંધણી કરી વિશ્વ વિક્રમ સ્થાપવા બદલ સંયુક્ત પ્રમાણપત્ર એનાયત કરાયું હતું. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના પ્રતિનિધિ દિવ્ય ત્રિવેદી દ્વારા આ પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ડો.વિક્રાંત પાંડે જણાવ્યું હતું કે, આ પ્રમાણપત્ર સ્વીકારતા રાજ્ય ચૂંટણી પંચ ખુબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. દેશના ચૂંટણીપંચે પણ આ ઉપલબ્ધિ અને સિધ્ધિની નોંધ લીધી છે. આ પહેલથી ગુજરાત યુનિવર્સિટી અને શહેરના યુવાવર્ગે દેશને એક નવી રાહ ચીંધી છે. કલેકટર ડો.વિક્રાંત પાંડેએ સમગ્ર ટીમ અને ગુજરાત યુનિવર્સિટીને અભિનંદન પાઠવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લામા કુલ એક લાખ એક હજાર ઓનલાઈન રજીસ્ટ્રેશન થયા છે. જેમાથી ૭૫૦૦નું પ્રથમ વખત રજીસ્ટ્રેશન એક જ સ્થળે અને એક જ સમયે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટી કુલપતિ હિમાંશુ પંડ્યા યુવાવિકાસ લક્ષી તમામ કાર્યોમાં વહીવટીતંત્રને સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી. આ પ્રસંગે અધિક નિવાસી કલેકટર મેહુલ દવે, અધિક કલેકટર ચૂંટણી ચેતન ગાંધી તથા ચેતન પંડ્યા, જિલ્લા શિક્ષણ અધિકારી આર.સી.પટેલ અને રેડિયો બ્રાન્ડ એમ્બેસેડર આર.જે જે હર્ષિલ ઉપસ્થિત રહ્યા હતા.

## ભાજપા યુવા મોરચા દ્વારા

# “નરેન્દ્રભાઈ મોદી-અમિતભાઈ શાહ આપના દ્વારે” અનોખા કાર્યક્રમનું આયોજન

## ગાંધીનગર લોકસભામાં ઘાટલોડિયા વિધાનસભાના પ્રભાતચોક ખાતે નરેન્દ્રભાઇ મોદી અને અમિતભાઈ શાહના માનવકદના કટઆઉટ સાથે અનોખી રીતે ડોર ટુ ડોર પ્રચાર હાથ ધરાયો



ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા સેલની અખબારી યાદીમાં જણાવ્યાનુંસાર, આજરોજ પ્રદેશ ભાજપા યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ.ઋત્વિજ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર લોકસભામાં ઘાટલોડિયા વિસ્તારમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહના માનવકદના કટઆઉટ સાથે રાખી યુવા મોરચાના કાર્યકર્તાઓએ અનોખી રીતે ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો.

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જનજન સુધી પહોંચવાના લક્ષ્યને કેન્દ્રમાં રાખી ગાંધીનગર લોકસભાના લોકલાડીલા ઉમેદવાર અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહના વિજયને જંગી બહુમતીથી સુનિશ્ચિત કરવા “શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહ આપના દ્વારે” અનોખા કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.

“મોદી હૈ તો મુમકિન હૈ” ના નારા વચ્ચે ગાંધીનગર લોકસભાના ભાજપાના લોકલાડીલા ઉમેદવાર અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહને અભૂતપૂર્વ જીત અપાવવાના હેતુથી ભાજપા યુવા મોરચાના કાર્યકર્તાઓએ અનોખી રીતે જનસંપર્ક કર્યો હતો. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના માનવકદના કટઆઉટ સાથે હાથ ધરાયેલ આ લોકસંપર્ક યાત્રામાં સ્વયં શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહ લોકસંપર્ક કરી રહ્યા હોય તેવો માહોલ ઉભો થયો હતો. આ કાર્યક્રમ અન્વયે પદયાત્રા દ્વારા ભાજપા સરકારની જનકલ્યાણકારી યોજનાઓની પત્રિકાઓ તથા મૌખિક જાણકારી જનજન સુધી પહોંચે તે માટે પ્રયાસ આદર્યો હતો અને ભાજપાના વિજય થકી દેશના વિકાસને વેગવંતો બનાવવા નાગરિકોને આહ્વાન કર્યું હતું.






૨૩ એપ્રિલે દેશની એકતા, અંડિતતા અને સુરક્ષાને લક્ષ્યમાં રાખીને માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહનો વિજય ઐતિહાસિક બનાવવા જંગી મતદાન કરવા અપીલ કરી હતી.

આ ડોર ટુ ડોર કાર્યક્રમમાં ઘાટલોડિયા વિધાનસભાના ઘાટલોડિયા વોર્ડના પ્રભાતચોક વિસ્તાર ખાતે ધારાસભ્ય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ઋત્વિજભાઈ પટેલ, મહાનગરના મહામંત્રી શ્રી કૌશિકભાઈ જૈન, સહકારી આગેવાનશ્રી બીપીનભાઈ પટેલ, વિધાનસભાના ઈન્ચાર્જશ્રી જતિનભાઈ પટેલ તથા કોર્પોરેટરશ્રીઓ અને ભાજપા શહેર પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, યુવા મોરચાના હોદ્દેદારો અને બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા.

# ગુજરાતમાં નવ બેઠકો જીતવા ભાજપનું કોંગ્રેસ તોડો અભિયાન

ગુજરાતમાં ભાજપ માટે નવ બોઠકો એવી છે કે જ્યાં કોંગ્રેસના નોતાઓના સપોર્ટ વિના ચૂંટણી જીતી શકાય તેવી નથી. આ બેઠકો જીતવા માટે ભાજપે રાજ્યમાં તોડો કોંગ્રેસ અભિયાન શરૂ કર્યું છે.

લોકસભાની ચૂંટણી પહેલાં ભાજપે પાંચ ધારાસભ્યોને ભાજપમાં પ્રવેશ અપાવ્યો છે. આ પાંચ પૈકી બે સભ્યો કુંવરજી બાવળિયા અને જવાહર ચાવડાને કેબિનેટમાં મંત્રી બનાવવામાં આવ્યાં છે.

કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયેલા ચાર પૂર્વ ધારાસભ્યોને ભાજપે ટિકીટ આપી છે. તેઓ પેટાચૂંટણી લડી રહ્યાં છે. ભાજપે ઉત્તર ગુજરાતની મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા લોકસભા જીતવા માટે કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોને રાજીનામાં આપવા માટે લાલચ આપી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ ત્રણ ધારાસભ્યોમાં અલ્પેશ ઠાકોર, ભરતજી ઠાકોર અને ધવલસિંહ ઝાલાએ કોંગ્રેસ પાર્ટી છોડી છે પરંતુ ધારાસભ્ય પદ છોડ્યાં નથી. આ ત્રણ સભ્યો અપક્ષ ધારાસભ્યો કહેવાશે.

હવે લોકસભાની બીજી બેઠકો સેટ કરવા માટે ભાજપના પ્રદેશ નેતાઓ કોંગ્રસના બીજા પાંચ ધારાસભ્યોને રાજીનામા અપાવી શકે છે. ભાજપના સૂત્રો કહે છે કે કોંગ્રેસના બીજા પાંચ ધારાસભ્યો પાર્ટી છોડી શકે છે.

સૌરાષ્ટ્રની સુરેન્દ્રનગર, જૂનાગઢ, દાહોદ, છોટાઉદેપુર અને અમરેલી બેઠક ભાજપ માટે નબળી છે તેથી આ વિસ્તારના કોંગ્રેસના ધારાસભ્યો તરફ નજર દોડાવવામાં આવી રહી છે.

એટલું જ નહીં, જામનગર અને પોરબંદર બેઠક માટે પણ ભાજપનું ‘ઓપરેશન શરૂ થયું છે. લોકસભાની બેઠકો અંતર્ગત વિધાનસભાના સભ્યો તોડવાના પ્રયાસ થઈ રહ્યા છે. સૂત્રો કહે છે કે ૧૮મી એપ્રિલ સુધી કોંગ્રેસ તોડવાનું અભિયાન ચાલુ રહી શકે છે.

# મતદારોને ધમકી : ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને ભાજપ અને પંચની ચેતવણી

ગાંધીનગર

મતદારોને ભાજપ તરફી મતદાન કરવા માટે અપાયેલી ધમકી ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને ભારે પડી છે. તેમને ભાજપ તરફથી અને ચૂંટણી પંચ તરફથી ચેતવણી આપવામાં આવી છે અને કહેવાયું છે કે હવે પછી આ પ્રકારની ધમકી અપાશે તો કડક કાર્યવાહી થશે.

ભાજપના વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે વડોદરા લોકસભા મત વિસ્તારમાં મતદારોને ધમકી આપી હતી કે-- ભાજપને મત નહીં આપો તો બધાંને ઠેકાણે પાડી દઈશ. જો કે આ ધમકી ધારાસભ્યને ભારે પડી છે. ધમકી આપતો વિડીયો વાયરલ થતાં ચૂંટણી પંચે નોટીસ આપી હતી અને ત્રણ દિવસમાં જવાબ આપવાનો આદેશ કર્યો હતો.

ગુજરાતના ભાજપ પ્રભારી ઓમ માથુરે વડોદરામાં ભાજપના હોદેદારો સાથે બેઠક યોજી હતી અને સંકલન બેઠકમાં ફીડબેક મેળવ્યો હતો. તેમણે વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવના નિવેદનની ટીકા કરતા કહ્યું કે પક્ષે આ બાબતને ગંભીરતાથી લીધી છે અને આવનારા દિવસોમાં તેમની સામે પગલા ભરાશે. તેમણે ભાજપના નેતા અને કાર્યકરોને વાણીનો સંયમ રાખવાની પણ સલાહ આપી હતી.

દરમ્યાન વડોદરાના જિલ્લા ચૂંટણી અધિકારી શાલિની અગ્રવાલે કહ્યું હતું કે મધુ શ્રીવાસ્તવે મતદારોને જે ધમકી આપી છે તે ખોટું છે. તેમણે ચૂંટણીની આચાર સંહિતાનો ભંગ કર્યો છે. જિલ્લા કલેક્ટરે કહ્યું હતું કે મધુ શ્રીવાસ્તવ બીજી વખત આવું કરે નહીં તેની તેમને ચેતવણી આપી છે. તેમણે જિલ્લા પોલીસ અધિકારીને મધુ શ્રીવાસ્તવ સામે કાર્યવાહી કરવા જણાવ્યું છે.

# મોદી ફરી ગુજરાત આવશે, કોંગ્રેસના સ્ટાર પ્રચારકોની પણ સભાઓ થશે

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વાર ગુજરાતના ચૂંટણી પ્રચારમાં આવી રહ્યાં છે. આવતા સપ્તાહમાં મોદી ઉપરાંત કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી પણ ગુજરાત આવી રહ્યાં છે. આ ત્રણેય નેતાઓની રેલી અને જાહેર સભાઓ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં યોજાશે.

નરેન્દ્ર મોદી ૧૫મી એપ્રિલે ગુજરાત આવશે અને સૌરાષ્ટ્રમાં રેલી સંબોધન કરશે. ૧૭મી એપ્રિલે મોદી સુરેન્દ્રનગર અને આણંદમાં રેલી કરશે જ્યારે ૧૮મી એપ્રિલે સાબરકાંઠા અને હિંમતનગરમાં જનસભાને સંબોધિત કરશે. પાર્ટી સૂત્રો કહે છે કે મોદી અંતિમ ચરણમાં ૨૦ અથવા ૨૧ એપ્રિલે ફરી એકવાર ગુજરાત આવશે. બીજી તરફ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી અમરેલી, જૂનાગઢ, જામનગર, આણંદ, બનાસકાંઠા, પાટણ, બારડોલી, દાહોદ અને પંચમહાલ લોકસભા વિસ્તારમાં જાહેર સભાઓ કરશે. આ સમયમાં ભાજપના સ્ટાર પ્રચારકોમાં હેમા માલિની, પરેશ રાવલ અને વિવેક ઓબેરોય ગુજરાતમાં જાહેર સભાઓ સંબોધિત કરશે, જ્યારે કોંગ્રેસ તરફથી ઉર્મિલા માતોડકર, શત્રુઘ્નસિંહા, નવજોતસિંહ સિંધુ અને રાજબબ્બર જેવા સ્ટાર પ્રચારકો જાહેર સભાઓ સંબોધશે.

# જૂનાગઢમાં વડાપ્રધાન સભા કરે તો ઉમેદવાર હારી જાય છે

ગુજરાતની જૂનાગઢ લોકસભા બેઠકની એ પરંપરા રહી છે કે આ બેઠક વિસ્તારમાં ભારતના વડાપ્રધાન ચૂંટણી પ્રચાર કરવા જનસભા આયોજીત કરે છે ત્યારે આ બેઠકનો ઉમેદવાર ચૂંટણી હારી જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા સપ્તાહમાં જૂનાગઢમાં જાહેર સભા કરી હતી ત્યારે એવી અટકળો લગાવાઈ રહી છે કે જૂનાગઢનો ભાજપના ઉમેદવાર રાજેશ ચૂડાસમા ચૂંટણી હારી જશે. જૂનાગઢમાં જ્યારે પણ વડાપ્રધાને તેના ઉમેદવાર માટે ચૂંટણી પ્રચાર કર્યો છે ત્યારે તે ઉમેદવારનું પરિણામ સારૂં આવ્યું નથી.

૧૯૭૦ પછી જૂનાગઢ લોકસભા બેઠક બની છે. કેન્દ્રની કોંગ્રેસ સરકારના વડાપ્રધાન તરીકે ઈન્દિરા ગાંધી હતા. તેમણે જૂનાગઢમાં તેમના કોંગ્રેસના ઉમેદવારનો ચૂંટણી પ્રચાર કર્યો અને જનસભાને સંબોધી હતી તે પછી જ્યારે પરિણામ આવ્યું ત્યારે કોંગ્રેસના ઉમેદવાર હારી ગયા હતા. ૧૯૮૯ની લોકસભાની ચૂંટણીમાં ભારતના વડાપ્રધાન રાજીવ ગાંધીએ જૂનાગઢમાં જનસભાને સંબોધિત કરી હતી ત્યારે પણ કોંગ્રેસના ઉમેદવાર મોહનભાઈ પટેલ જનતાદળના ગોવિંદ શેખડા સામે ચૂંટણી હારી ગયા હતા.

જૂનાગઢના સ્થાનિક ધારાસભ્ય ભીખાભાઈ જોષી કહે છે કે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી છ ટર્મથી ધારાસભ્ય રહેલા મહેન્દ્ર મશરૂ માટે ચૂંટણી પ્રચાર કરવા આવ્યા હતા ત્યારે મેં તેમંને હરાવ્યા હતા. આ બેઠક પરથી ભાજપના ઉમેદવાર ચૂંટણી હારી ગયા હતા. તેઓ કહે છે કે આ વખતે ૨૦૧૯માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની પાર્ટીના ઉમેદવાર રાજેશ ચૂડાસમાને જીતાડવા માટે જનસભા કરી છે પરંતુ કોંગ્રેસના પુંજા વંશ તેમને હરાવશે.

જૂનાગઢની બેઠકમાં કેટલાક અપવાદ છે. સત્તાધારી પાર્ટીના વડાપ્રધાન તેમની પાર્ટીના ઉમેદવાર માટે જ્યારે આવે છે ત્યારે તેમનો ઉમેદવાર ચૂંટણી હારી જાય છે. આ કોઈ નિયમ કે દૈવી શક્તિ નથી પરંતુ પરંપરા રહી છે જે અત્યાર સુધી ક્યારેય તૂટી નથી.

# કોંગ્રેસમાં ટિકિટોના સોદા થાય છે : અલ્પેશ ઠાકોર

કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ અલ્પેશ ઠાકોર ગુરુવારે દિયોદરમાં અપક્ષ ઉમેદવાર ઠાકોર સ્વરૂપજીના પ્રચાર માટે પહોંચ્યા હતા. અહીં જાહેર સભામાં અલ્પેશે જણાવ્યું કે, કોંગ્રેસ પાર્ટીએ આપણી સાથે વિશ્વાસ ઘાત કર્યો છે, તેને જવાબ આપવો પડશે. કોંગ્રેસમાં ટિકિટોના સોદો થાય છે. છેલ્લા ૬ મહિનાથી મનોમંથન કરતો હતો અને હવે આખરે નિર્ણય લઈ લીધો છે.

અલ્પેશ ઠાકોરે જણાવ્યું કે, આજે નવી વાત કરવા આવ્યો છું. નવા પ્રચાર માટે આવ્યો છું. આપણે વ્યસન મુક્તિની વાત કરી, શિક્ષણની વાત કરી ત્યારે આપણને રોકવાની કોશિશ કરાઈ છે. આપણે જ્યારે કોંગ્રેસ પાર્ટીને સમર્થન આપ્યું ત્યારે ઘણા સપના હતા. કોંગ્રેસ પાર્ટી જ્યારે સંઘર્ષ કરતી હતી ત્યારે આપણે તેમને સમર્થન આપ્યું હતું. જે પાર્ટી છેલ્લી ૩-૪ ચૂંટણીમાં ખૂબ ઓછી સીટો જીતતી હતી તેને આપણે ખૂબ આગળ લઈ ગયા છીએ.